# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨


ક્રમાંક : જિશિઅ/માધ્ય/૨૦૨૫-૨૬/૨૨૮૦ તારીખ : ૨૩/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી

સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સે. સ્કુલ,

મણીનગર (પૂર્વ),

અમદાવાદ.

વિષય:- આપની શાળામાં બનેલ ઘટના સબબ ખુલાસો કરવા બાબત.

સંદર્ભ : ૧. અત્રેની કચેરીના પત્રક્રમાંક જિશિઅ/પ્રાથ./૨૦૨૫/૫૦૬૨ તા. ૧૯/૦૮/૨૦૨૫ થી પાઠવેલ નોટીસ.

૨.પોલીસ ઇન્સ્પેકટર ક્રાઈમબ્રાંચ અમદાવાદ શહેર તા : ૨૩/૦૮/૨૦૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદમાં ICSE બોર્ડ સંલગ્ન ધોરણ 1 થી 12 અને ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ સંલગ્ન ૧૧ થી ૧૨ ( વિજ્ઞાન પ્રવાહ ) ની શાળા કાર્યરત છે. તા.**19/08/2025** ના રોજ બપોરે **12:30** કલાક થી ૧૨:૪૫ કલાક દરમ્યાન બનેલ ઘટનાની જાણ આપ દ્વારા અત્રેની કચેરી ખાતે કરવામાં આવેલ નહોતી, પરંતુ સદર ઘટનાની જાણ સોશિયલ મિડિયાના માધ્યમથી થતા સંદર્ભ દર્શિતપત્ર(૧)થી આપનો ખુલાસો માંગવામાં આવેલ હતો. પરંતુ આજ સુધી આપ દ્વારા બનેલ ઘટના સબબ ખુલાસો કે બનેલ ઘટના અંગે અહેવાલ રજુ કરવામાં આવેલ નથી. જે આપની ગંભીર બેદરકારી અને ઉદાસીનતા દર્શાવે છે.

આપની શાળાના વિદ્યાર્થી પર હુમલો થયા બાદ ઈજાગ્રસ્ત વિદ્યાર્થી આપની શાળાના કમ્પાઉન્ડમાં ગંભીર હાલતમાં લાંબા સમય સુધી પડી રહ્યો અને આપ દ્વારા ઈજાગ્રસ્ત વિદ્યાર્થી માટે કોઈપણ પ્રકારના પગલા લેવામાં ઉદાસીનતા દાખવેલ છે. શાળાના અન્ય વાલીઓના જણાવ્યા મુજબ સદર શાળામાં વિધાર્થીઓ વચ્ચે અનેકવાર વિગ્રહના બનાવો બનતા રહે છે, જેની ફરિયાદ શાળાના આચાર્ય/સંચાલકને કરતાં આપ દ્વારા તે અંગે કરવાપાત્ર કાર્યવાહી પણ કરવામાં આવતી ન હતી અને અત્રેની કચેરીને પણ જાણ કરવામાં આવેલ નથી. જે આપની ગંભીર બેદરકારી સૂચવે છે.

વધુમાં જણાવવાનું કે સંદર્ભદર્શિત પત્ર ૨ મુજબ આપની શાળાના વિદ્યાર્થીની હત્યાના મામલે ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં શાળાના આચાર્ય અને તેમના સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવતા આ મામલે સ્કૂલના આચાર્ય, સિક્યોરીટી ગાર્ડ અને એડ્મીનીસ્ટ્રેશન સ્ટાફ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા૨૦૨૩ની કલમ ૨૧૧(બી) અને ૨૩૯ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવેલ છે. જેને આધીન આપની શાળાને ICSE બોર્ડ સંલગ્નતા મેળવવા ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ NOC કેમ રદ ન કરવી ? આપની શાળાની માન્યતા કેમ રદ ન કરવી ? જે અંગેનો ખુલાસો તાત્કાલિક દિન-ત્રણ (૩) માં રજુ કરવા જણાવવામાં આવે છે. જો આમ કરવામાં ચૂક થશે તો આપ કંઈ કહેવા માંગતા નથી તેમ માની એકતરફી કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેશો.

જિલ્લાશિક્ષણાધિકારી

અમદાવાદ શહેર